ગાંધીનગરમાં રિક્ષા ગેંગ પુનઃ સક્રીય

સરગાસણ ચોકડીથી રિક્ષામાં બેસેલી મહિલાના રૂ. ૫૦ હજાર રોકડા સેરવી લઈ રિક્ષા ગેંગ ફરાર

ગાંધીનગર, તા.૨૯

અમદાવાદ ગોતા વિસ્તારથી ગાંધીનગર દિકરીના સાસરે આવવા નીકળેલી મહિલા સરગાસણ ચોકડીથી એક રિક્ષામાં બેઠી અને થોડે દુર સ્થિત સૌંદર્ય-૪૪૪ એપાર્ટમેન્ટમાં દિકરીની સાસરીએ પહોંચી ત્યાં સુધીમાં રિક્ષામાં પેસેન્જરનાં સ્વાંગમાં બેઠેલી ત્રિપુટીએ મહિલાની બેગમાંથી રૂ. ૫૦ હજાર રોકડા નજર ચુકવીને સેરવી લીધા હતા. મહિલાની ફરિયાદને આધારે સે-૭ પોલિસે ગુનો દાખલ કરી પુનઃ સક્રિય થયેલી રિક્ષા ગેંગને પકડવા કવાયત શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ અમદાવાદના ગોતા વિસ્તારમાં રહેતા જશોદાબેન ચંદુભાઈ પટેલ ગઈ કાલે બપોરના અરસામાં ગોતાથી ગાંધીનગર ખ-૦ નજીક સ્થિત સૌંદર્ય-૪૪૪ એપાર્ટમેન્ટમાં રહેતી પોતાની દિકરીના ઘરે રૂ. ૫૦ હજાર આપવા નીકળ્યા હતાં. ગોતાથી સરગાસણ ચોકડી ઉતર્યા બાદ પેસેન્જર ભરેલી એક રિક્ષા સાથે ચાલક તેમની પાસે આવ્યો અને પુછયું કે ક્યાં જવું છે. સૌંદર્ય-૪૪૪નું સરનામું કહેતાં મહિલાને બેસાડી ત્યાં ઉતારી દેવામાં આવી હતી. જશોદાબેન ત્યાં પહોંચ્યા ત્યાં સુધીમાં તેમની પાસેના રૂ. ૫૦ હજાર રોકડા ગાયબ થઈ ગયા હતા. મુસાફરોના સ્વાંગમાં આવેલી રિક્ષા ગેંગે મહિલાને ટાર્ગેટ બનાવી રૂ. ૫૦ હજારની ઉઠાંતરી કરી સરકી ગઈ છે. સે-૭ પોલીસ મથકના પીએસઆઈ એ.કે. ભરવાડે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

અડાલજ પોલીસ સ્ટેશન નજીક કારની અડફેટે એકનું મૃત્યુ

અકસ્માત સર્જીને અજાણ્યો કારચાલક ફરાર : ઘટનાના ૧૨ કલાક બાદ પણ તપાસનીસ પોલીસ વિગતોથી અજાણ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર-સરખેજ હાઈવે પર સ્થિત અડાલજ પોલીસ સ્ટેશનથી થોડે જ દૂર ગઈ રાત્રે એક અજાણ્યા વાહનની અડફેટે એક અજાણ્યા પુરૂષને અડફેટે લઈ મોતને ઘાટ ઉતારી દીધો હતો. અડાલજ પોલીસ મથકની જે પોલીસ ઘટનાની તપાસ કરી રહી હતી તેને ૧૨ કલાક બાદ પણ બનાવની વિગતો ખ્યાલ ન હતો તે પણ અચંબામાં મુકી દે તેવી બાબત છે. મૃતકની ઓળખ માટે અને આરોપી સુધી પહોંચવા માટે અડાલજ પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ અડાલજ પોલીસ સ્ટેશનથી ખોરજ કેનાલ તરફનાં માર્ગ પર પોલીસ સ્ટેશનથી થોડે જ દૂર ગઈ રાત્રે એક અજાણ્યા કારચાલકે એક અજાણ્યા પુરૂષને અડફેટે લઈ લેતા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. જ્યાં તેનું સારવાર દરમ્યાન મૃત્યુ નિપજ્યું હતું. તો બીજી તરફ આરોપી પોતાની કાર સાથે પળવારમાં જ ફરાર થઈ ગયો હતો. આ ઘટના બન્યાને ૧૨-૧૨ કલાક થઈ ગયા બાદ પણ અડાલજ પોલીસ સમગ્ર ઘટનાની વિગતથી અજાણ હતી. અજાણ્યો મૃતક પુરૂષ અંદાજે કેટલી વયનો છે તે પણ પોલીસ જાણતી ન હતી. સવાલ એ થાય કે ઘટના બાદ તપાસ કરતી પોલીસ ઘટનાસ્થળે પણ ગઈ હતી કે નહી...? અડાલજ પોલીસે મુકેશ પટણીની ફરીયાદ લઈને અજાણ્યા કારચાલક સામે ગુનો દાખલ કર્યો છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

પાટનગરમાં આઈ.પી.એલ.નો ફીવર : વૈશાખી વાયરાથી ફૂંકાયેલા વંટોળની જેમ આકાશે ચડ્યો છે. દિવસની સવારનો સમય હોય કે રાત્રી ટૂર્નામેન્ટો હોય. ગાંધીનગર આજકાલ ક્રિકેટમય બની ગયું છે. ગાંધીનગરના સેક્ટરોની ગલીઓ કે પછી ખુલ્લા મેદાનોમાં ક્રિકેટરસીયાઓ સમયની પરવા કર્યા સિવાય રમત પ્રેમની અભિવ્યક્તિ માટે બેટ અને બોલ લઈ નીકળી જ પડે છે.

ગાંધીનગરમાં ઓગસ્ટ માસમાં નેશનલ એક્સ એમએલએ કાઉન્સિલનું કન્વેન્શન યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરમાં આગામી ઓગસ્ટ માસ દરમ્યાન નેશનલ એક્સ એમ.એલ.એ. કાઉન્સિલનું કન્વેન્શન યોજાશે. જેનું લોકસભાના અધ્યક્ષ સુમિત્રા મહાજન અને રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે ઉદ્‌ઘાટન કરાશે. આ નિર્ણય ગુજરાત એક્સ એમ.એલ.એ.કાઉન્સિલની યોજાયેલ સામાન્ય સભામાં લેવાયો હતો.

નેશનલ એક્સ એમ.એલ.એ. કન્વેન્શનમાં રાષ્ટ્રીય કક્ષાએ ચૂંટાયેલા ભૂતપૂર્વ સભ્યોના રાષ્ટ્રીય પ્રશ્નોને વાચા આપવા અને લોકશાહીના મૂલ્યોના જતન સાથે લોકોપયોગી કામોમાં સહભાગી થવાનો મુદ્દો મુખ્ય રહેશે. આ બેઠકમાં દિવંગત સભ્ય સ્વ. ઉપેન્દ્રભાઈ ત્રિવેદીના સ્થાને અમરતલાલ કે. પટેલને વાઈસ ચેરમેન પદે ચૂંટી કાઢવામાં આવ્યા હતા. આ ઉપરાંત પૂર્વ ધારાસભ્યોમાંથી છ સભ્યોને શ્રેષ્ઠ ધારાસભ્યનો એવોર્ડ આપવા સર્ચ કમિટીની રચના કરવામાં આવી હતી. જેના મેમ્બર સેક્રેટરીપદે અરૂણભાઈ બૂચને નિયુક્ત કરવામાં આવ્યા હતા.

આ બેઠકમાં જયનારાયણભાઈ વ્યાસ, ધીરૂભાઈ દૂધવાળા, અમરતલાલ કે. પટેલ, બાબુભાઈ મેઘજી શાહ, દલસુખભાઈ પ્રજાપતિ, ભીખાભાઈ રબારી, સુનિલભાઈ ઓઝા, રાજસીભાઈ જોટવા, લીલાબેન ત્રિવેદી, હસુમતીબેન ગુંડીયાર તેમજ પૂર્વ મંત્રીઓ વાડીભાઈ પટેલ, અનિલભાઈ પટેલ તથા કાંતિભાઈ સોલંકી ઉપસ્થિત રહ્યાં હતા.

લાઈટ અને સફાઈના અભાવે સે-૨ ઉના બગીચા બદતર હાલતમાં

વિરાટનગર અને સૌરભ સોસાયટીના બગીચામાંથી સોલાર લાઈટો ચોરાઈ ગઈ : સફાઈકામના અભાવે કચરાના ઢગલા જામ્યા : ઉનાળુ વેકેશનના સમયે જ બગીચાની દુર્દશાથી રહીશો ત્રસ્ત

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના સે. ૨ ઉમાં વિરાટનગર સોસાયટીમાં આવેલ બગીચામાંથી અને સૌરભ સોસાયટીના બગીચામાંથી સોલાર લાઈટો ચોરાઈ જવા પામી છે. આ ઉપરાંત બગીચામાં સફાઈકાર્ય પણ થતુ ના હોવાથી ચોતરફ ગંદકીના થર જામ્યાં છે. બગીચાની આ બદતર હાલત પ્રત્યે અનેક રજૂઆતો કરવામાં આવ્યાં છતાં તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે.

સે. ૨ ઉના વિરાટનગર સોસાયટીમાં બગીચામાં નગરસેવકો દ્વારા સોલાર લાઈટો મુકવામાં આવી હતી. આ તમામ લાઈટો ચોરાઈ જવા પામી છે. સૌરભ સોસાયટીમાં તો લાઈટો નિયંત્રણ કરવાની પેટી સુદ્ધા ચોરાઈ જવા પામી છે. જેના કારણે બગીચામાં લાઈટની વ્યવસ્થા નથી. હાલ ઉનાળાનો સમય તેમજ વેકેશન ગાળો ચાલુ હોઈ રાત્રીના સમયે જમ્યા પછી લોકો ઠંડક માટે બગીચામાં બેસવાનું પસંદ કરતા હોય છે અને બાળકો પણ બગીચામાં રમવા માટે આવવા માંગતા હોય છે પરંતુ લાઈટો વગરના ગાઢ અંધકારમાં ગોરંભાયેલી પરિસ્થિતિ હોવાથી તમામને નિરાશ થવુ પડી રહ્યું છે. વળી, અહીં જાણે સફાઈકામની કોઈ વ્યવસ્થા જ ન હોય તેમ સફાઈકાર્ય કરવામાં આવતુ નથી. જેના કારણે બગીચાની આજુબાજુ અને અંદર ઠેર ઠેર કચરાના ઢગલા થવા પામ્યાં છે. બગીચાની આવી દુર્દશાને કારણે રહીશોમાં રોષ ફેલાવા પામ્યો છે. સત્વરે બગીચામાં લાઈટો પુનઃ ચાલુ કરાય અને નિયમિત સફાઈ કાર્ય હાથ ધરાય તેવી રહીશોમાં માંગ ઉઠવા પામી છે.

નિરાધારનો આધાર બનતા સિસિકાના સભ્યો

જિલ્લામાં રહેતી નિરાધાર વિધવા મહિલાઓને પોતાનું ગુજરાન ચલાવવા જરૂર પડતી ખાદ્ય સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. સિનિયર સિટીજન કાઉન્સિલના સભ્યો એમ.એમ. શાહ, બી.ડી. શાહ, દશરથભાઈ પરમારે ઘઉં, ચોખા, દાળ અને તેલનું વિતરણ કર્યુ હતુ. સિસિકા દ્વારા ગરીબોના આંસુ લુછવાનું કાર્ય કરવામાં આવ્યું હતું.

જુના કોબા અંબાજી માતાનો પાટોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

પાટનગરની પાસે આવેલ જુના કોબા ગામમાં અંબાજી માતાનો ૨૬મો પાટોત્સવ ઉજવવામાં આવશે. આગામી તા. ૯મે, શનિવારના રોજ ધામધૂમથી પાટોત્સવ ઉજવાશે. જેમાં મા અંબાજીને ૧૧ તોલાનો સોનાનો નૂતન સુવર્ણ હાર અને સવા લક્ષનો સુવર્ણ રજત ડાયમંડ મુગટ અર્પણ કરવામાં આવશે. પાટોત્સવના દિવસે સવારે ૯ થી ૧૨.૩૯ કલાકે લઘુ હવન, બપોરે ૩ થી ૬.૩૦ કલાક સુધી સેક્ટર-૬ કૃષ્ણમંડળ આનંદનો ગરબો રજૂ કરશે. અને સાંજે ૭.૦૦ વાગે ૧૦૦૮ દિવડાની મહાઆરતી કરવામાં આવશે. અતિ પૌરાણિક મંદિરના પાટોત્સવમાં ભક્તોને દર્શનનો લાભ લેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

જલારામ ધામ ખાતે બાપાની પાવન કથા આરંભાઈ હતી. નગરના ભાવિકોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. રોજે રોજ બાપાની પૂજા - અર્ચન થાય છે અને બાપાના ગુણાનુવાદ કરતી અનોખી કથા અદ્‌ભુત શૈલીમાં અભિવ્યક્ત થાય છે.

આવતીકાલે કોંગ્રેસ ગુજરાત સ્થાપના દિન અને આંતરરાષ્ટ્રીય કામદાર દિવસ ઉજવશે

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત રાજ્યનો ૫૬મો સ્થાપના દિન તા. ૧લી મે ૨૦૧૫ શુક્રવારના રોજ ઉજવાશે. આ પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા બપોરે ૩.૩૦ કલાકે અમદાવાદના ટાગોરહોલ ખાતે ઉજવણીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ દિવસે 'આંતરરાષ્ટ્રીય કામદાર દિન' હોવાથી તેની પણ સાથે ઉજવણી કરાશે. આ કાર્યક્રમમાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષા સોનિયા ગાંધીના રાજકીય સચિવ અહેમદ પટેલ ઉપસ્થિત રહેશે.

૫૬મા સ્થાપના દિન અને આંતરરાષ્ટ્રીય કામદાર દિવસની ઉજવણી કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી અને મુખ્ય મહેમાન પદે અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી તેમજ ગુજરાતના પ્રભારી ગુરૂદાસ કામત ઉપસ્થિત રહેશે. અતિથિ વિશેષ પદે વિધાનસભા કોંગ્રેસના નેતા શંકરસિંહ વાઘેલા ઉપસ્થિત રહેશે. કોંગ્રેસ પક્ષ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ગુજરાતના વાસ્તવિક વિકાસ માટે તમામ કાર્યકરો અને અગ્રણીઓ, ડેલીગેટો, સમિતિઓના પ્રમુખો, હોદ્દેદારો, સહયોગી સંગઠનના વડાઓ, મનપાના કાઉન્સિલર્સ અને જિલ્લા તાલુકાના અગ્રણીઓ ઉપસ્થિત રહી શપથ પ્રતિજ્ઞા વાંચન કરશે.

ડભોડા રેલવે ટ્રેક પરથી આધેડનો કપાયેલો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર નજીક ડભોડા રેલવે ટ્રેક પરથી આજે સવારના અરસામાં એક આધેડનો ટ્રેનની ટકકરે હાથ-પગ કપાઈ ગયેલી હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. રેલવે પોલીસને ઘટનાની જાણ થતા સ્થળ પર પહોંચી ગઈ હતી અને તપાસ કરતાં ડભોડા ગામનાં જ એક આધેડનો મૃતદેહ હોવાનું ખુલ્યું હતું.

રેલવે પોલીસને કોલ મળ્યો હતો કે ડભોડા રેલવે સ્ટેશનથી થોડે દૂર ટ્રેક પર એક અજાણ્યા આશરે ૪૫ વર્ષના પુરુષનો મૃતદેહ પડયો છે. જેને આધારે રેલવે પોલીસ તપાસ માટે ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ટ્રેનની ટકકરથી હાથ-પગ કપાઈ ગયેલા અને માથાના ભાગે ઈજાગ્રસ્ત હાલતમાં મૃતદેહ પડયો હતો. રેલવે પોલીસે તપાસ કરતાં ડભોડા ગામમાં જ રહેતો આશરે ૪૫ વર્ષનો માનસિક બિમારીથી પિડાતો આધેડ હોવાનું ખુલ્યું હતું. તેના પરિવારજનોને ઘટનાની જાણ કરી રેલવે પોલિસે ગુનો દાખલ કરીને ઉંડી તપાસ શરુ કરી છે.

ઉમિયા માતાજી પાટોત્સવમાં ભોજન પાસ મેળવી લેવા જોગ

ગાંધીનગર, તા.૨૯

કડવા પાટીદાર સમાજ ગાંધીનગર દ્વારા શ્રી ઉમિયા માતાજીનો બારમો પાટોત્સવ ઉમંગભેર ઉજવવામાં આવશે. ઊંઝાથી ઉમિયા માતાજીની અખંડ જયોત લાવવામાં આવનાર છે. આગામી તા. ૩જી રવિવાર સવારે ૮ થી સાંજે ૭ કલાક દરમિયાન પાટોત્સવમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજાશે. પાટોત્સવમાં ભોજન પ્રસાદ લેવામાં આવશે. ત્યારે ભોજન માટેના પાસ તા. ૧લી મે સુધી મેળવી લેવા જણાવાયું છે. ત્યાર બાદ સ્થળ પર પાસ મળશે નહિ. સવારે ૬.૩૦ વાગે ઉમિયા માતાજીની જયોતનુંસ્વાગત કરવા હાજર રહેવા આમંત્રણ પાઠવ્યું છે.

મહાનગર ભાજપના મહાસંપર્ક અભિયાનની કાર્યશાળા બુધવારે સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે યોજાઈ હતી. મહાસંપર્ક અભિયાન અંગે પક્ષના આગેવાનો સર્વે શ્રી વાડીભાઈ પટેલ, મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ અને પ્રમુખ શ્રી નિતીનભાઈ પટેલ અને ગુડાના ચેરમેન આશિષભાઈ દવે ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૯
સૂર્યાસ્ત : ૭.૦૭

તાપમાન

મહત્તમ : ૪૨.૩ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૧ ટકા ● સાંજે ૧૬ ટકા

મનોરંજન

સિનેમેક્સ

સ્ક્રીન-૧ :

એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૨ :

એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

સ્ક્રીન-૩ :

જય હો ડેમોક્રસી : ૯.૪૫
બેયાર : ૧૨.૦૦
ધરમ સંકટ મેં : ૩.૦૦
કાગઝ કે ફૂલ (હિન્દી) : ૫.૪૫
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦

સ્ક્રીન-૪ :

જય હો ડેમોક્રસી : ૧૦.૪૫

સિટીપલ્સ

સ્ક્રીન-૨ :

એવેન્જર્સ ૨ (હિન્દી) : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

સ્ક્રીન-૩ :

એવેન્જર્સ ૨ (ઇંગ્લીશ) : ૧૧.૦૦, ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫

સ્ક્રીન-૪ :

જોબકા : ૧૦.૦૦
મિ.એક્સ : ૧૨.૪૫, ૩.૦૦, ૧૦.૦૦
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૭.૦૦
ધરમ સંકટ મેં : ૭.૦૦

સ્ક્રીન-૫ :

માર્ગરીટા વીથ અ સ્ટ્રો : ૧૦.૦૦, ૩.૦૦, ૭.૪૫
કાગઝ કે ફૂલ : ૧૨.૩૦, ૫.૧૫, ૧૦.૧૫

આપની આજ

મેષ : નવા સંબંધ બનશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં આવનારા તનાવ અને વિઘ્નો સમાપ્ત થવાના યોગ બની રહ્યા છે. જોખમી કામોમાં સાવચેતી રાખવી.

વૃષભ : પ્રયત્ન અને પરિશ્રમનું યોગ્ય ફળ પ્રાપ્ત મળી શકશે. માન-સન્માનમાં યશ-વૃદ્ધિ થશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. જીવનસાથીનો સહયોગ કાર્યોમાં મળી રહેશે.

મિથુન : સામાજિક ક્ષેત્રોથી લાભ. આપ ભાગ્ય કરતાં કર્મ પર વધુ વિશ્વાસ કરી કાર્ય કરતા રહો. રાજયપક્ષનાં કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે.

કર્ક : સામાજિક ક્ષેત્રોમાં સફળતાનો યોગ.કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં પૂરતી સફળતા પ્રાપ્ત થઈ શકશે. આરોગ્ય સંબંધી ચિંતાનું સમાધાન થશે. ઈચ્છાઓની પૂર્તિ થઈ શકે છે.

સિંહ : સાહસનો લાભ મળી શકશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. સંતાનના આરોગ્ય સંબંધીત ચિંતાઓનું નિકારણ આવશે.

કન્યા : જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે .આવક કરતાં ખર્ચ ન વધે તેની તકેદારી રાખવી. આર્થિક તંગીની આશંકા છે.

તુલા : માનસિક ત્રાસદીધી બચવું. આવકના સ્ત્રોતોથી વિશેષ લાભ થવાની સંભાવના છે.અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. કૌટુંબિક ચિંતા દૂર થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

વૃશ્ચિક : મતભેદોથી દૂર રહીને શાંતિથી કાર્ય કરવું. પ્રગતિવર્ધક સમાચાર મળી શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલા કાર્યોનું ફળ મળી શકશે. જૂના સંબંધો વધુ મજબૂત થશે.

ધન : વિચારેલું કાર્ય સમય પર થશે. અટવાયેલા અને અધુરા રહેલા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતા વધશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે અને દિવસ પ્રસન્નતાથી પસાર થશે.

મકર : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થસે. મહત્વપૂર્ણ કાર્યો પર ખર્ચ થઈ શકે છે. લાભ મળવાના પણ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યનો યોગ.

કુંભ : નવા આર્થિક સાધનો પર કાર્ય થઈ શકશે. વ્યાપારમાં મુશ્કેલીઓ વધે નહી તેની કાળજી રાખવી. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા મળી શકે છે.

મીન : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે. સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. વાદ-વિવાદથી દુર રહેવું.

ચિરવિદાય

- સ્વ. રજનીકાંત નાથાલાલ લીંબાસીયા (ઉ.વ.૬૫) ૧૩, ચંદ્રલોક સોસાયટી, વાવોલ, ગાંધીનગર
- સ્વ. ઠાકોર જશુજી ભલાજી (ઉ.વ.૩૭) મુ. ડભોડા, તા.જી. ગાંધીનગર
- સ્વ. વિનોદભાઈ સંપતભાઈ દેવીપૂજક (ઉ.વ.૩૫) ચરેડી છાપરાં, સેકટર-૨૮, ગાંધીનગર
- સ્વ. પાલીબેન બબલદાસ પટેલ (ઉ.વ.૭૨) ૫૦૩, પટેલવાસ, ઘનશ્યામનગર, માણેકપુર, તા. માણસા, જી. ગાંધીનગર